# 13 ભારત : ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ અને વન્યજીવ

ભારત વિશાળ ભૌગોલિક વિસ્તારવાળો દેશ છે. વળી તે ભૌગોલિક વિવિધતા ધરાવે છે. આ વૈવિધ્ય આપણને વિસ્મય પમાડે છે. ઉત્તરમાં હિમાલયની પર્વતમાળા જેનાં ઊંચાં શિખરો બારેમાસ બરફથી ઢંકાયેલાં રહે છે. પૂર્વમાં બંગાળનો ઉપસાગર, પશ્ચિમે અરબ સાગર અને દક્ષિણમાં હિંદ મહાસાગર આવેલા છે.

ભારત લગભગ 32.8 લાખ ચોરસ કિમી ક્ષેત્રફળ ધરાવે છે. તેનો અંદાજિત વ્યાપ ઉત્તરમાં કાશ્મીરથી લઈને દક્ષિણમાં કન્યાકુમારી સુધી 3214 કિમી અને પૂર્વના અરુણાચલથી પશ્ચિમમાં ગુજરાતના કચ્છ સુધી 2933 કિમીમાં વિસ્તરેલો છે. લાંબા સમુદ્રકિનારા, ઊંચી-ઊંચી પર્વતમાળાઓ, દૂર-દૂર સુધી ફેલાયેલાં નદી-મેદાનો ઊબડ-ખાબડ ઉચ્ચપ્રદેશ અને કિનારાથી દૂર આવેલા ટાપુઓ જેવાં વિવિધ ભૂમિસ્વરૂપો અહીં જોવા મળે છે. આબોહવા અને વનસ્પતિ સાથે સંસ્કૃતિ અને ભાષાની વિવિધતા પણ આપણને ઊડીને આંખે વળગે છે. આપણા રિવાજો અને પરંપરાઓમાં ભિન્નતાઓ જોવા મળે છે અને આ વિવિધતા અને એક રાષ્ટ્રની ભાવના આપણને વિશ્વમાં એક વિશિષ્ટ ઓળખ અપાવે છે.


### ભારતના પ્રાકૃતિક વિભાગો (Physical Division of India)

ભારતના ભૂપૃષ્ઠની આધારે તેના પ્રાકૃતિક વિભાગો પાડવામાં આવ્યા છે. ઉત્તરમાં આવેલો મહદંશે હિમાલય સીમારક્ષકનું કાર્ય કરે છે. તેની ઉત્તર-દક્ષિણ ફેલાયેલી સમાંતર પર્વતમાળાને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. તેની છેક ઉત્તરમાં મહાહિમાલય કે હિમાદ્રી પર્વતમાળામાં વિશ્વનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ આવેલું છે. ત્યાર બાદ તેની દક્ષિણે મધ્ય હિમાલય કે હિમાચલ નામથી ઓળખાતી પર્વતમાળા આવેલી છે જ્યાં દર્શનીય સ્થળો અને યાત્રાધામો આવેલાં છે. તેની દક્ષિણે શિવાલિક કે લઘુહિમાલય નામે ઓળખાતી પર્વતમાળા આવેલી છે.

હિમાલયની દક્ષિણે ગંગા, સતલુજ, યમુના, બ્રહ્મપુત્ર અને તેની શાખા નદીઓએ ઠાલવેલા કાંપથી બનાવેલ વિશાળ મેદાન આવેલું છે. આ નદીઓથી બનેલાં મેદાન સમતલ અને ખેતી માટે ફળદ્રુપ ઉપજાઉ જમીન ધરાવે છે, ત્યાં વધુ ખેત-ઉત્પાદન થતું હોવાથી મેદાનોમાં ગીચવસ્તી જોવા મળે છે.

ભારતના પશ્ચિમ ભાગમાં ભારતીય મહામરુસ્થલ આવેલું છે. ત્યાં ગરમી વધારે તથા વરસાદનું પ્રમાણ નહિવત્ હોય છે. ક્યારેક તો સળંગ ત્રણ-ચાર વર્ષ સુધી વરસાદ થતો નથી. આ ક્ષેત્રમાં વનસ્પતિનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે.


ઉત્તરનાં મેદાનોની દક્ષિણે ઊંધા ત્રિકોણાકારે દખ્ખણનો ઉચ્ચપ્રદેશ આવેલો છે. તેનું ભૂપૃષ્ઠ સમતલ નથી તેના કેટલાક ભાગો ઊંચા તો કેટલાક ઓછી ઊંચાઈ ધરાવે છે. અહીં ઘણી પર્વતમાળાઓ અને પહાડી વિસ્તારો આવેલા છે. જેમાં દુનિયાની સૌથી પ્રાચીન પર્વતમાળા અરવલ્લી જે આ ક્ષેત્રની ઉત્તર-પશ્ચિમે આવેલી છે. તેની દક્ષિણ-પૂર્વમાં વિંધ્યાચલ અને સાતપૂડાની પર્વતમાળાઓ આવેલી છે. પૂર્વથી પશ્ચિમ તરફ વહીને અરબ સાગરને મળતી નર્મદા અને તાપી વિંધ્યાચલ અને સાતપૂડાની પર્વતશ્રેણીમાંથી વહે છે. દક્ષિણના ઉચ્ચપ્રદેશની પૂર્વ દિશામાં પૂર્વઘાટ અને પશ્ચિમ દિશામાં પશ્ચિમ ઘાટ આવેલો છે. જે પૈકી પશ્ચિમ ઘાટ સળંગ જ્યારે પૂર્વ ઘાટ તૂટક-તૂટક છે. આ ઉચ્ચપ્રદેશો જ્વાળામુખીથી બનેલા હોવાથી તે ક્ષેત્રોમાં ખનીજો વિપુલ પ્રમાણમાં મળી આવે છે.




**13.1 ભારત પ્રાકૃતિક**

પૂર્વ ઘાટની પૂર્વમાં અને પશ્ચિમ ઘાટની પશ્ચિમે કિનારાનાં મેદાન આવેલાં છે. આ મેદાનોમાં પૂર્વ કિનારાના મેદાનની તુલનામાં પશ્ચિમ કિનારાનું મેદાન સાંકડું છે. ગોદાવરી, મહાનદી, કાવેરી અને કૃષ્ણા પૂર્વ તરફ વહીને ફળદ્રુપ મુખત્રિકોણપ્રદેશ બનાવી બંગાળાના ઉપસાગરને મળે છે બ્રહ્મપુત્ર અને ગંગા નદીએ બંગાળના ઉપસાગરમાં સુંદરવન નામના વિશાળ મુખત્રિકોણ પ્રદેશની રચના કરી છે.

ભારતમાં બે ટાપુસમૂહ આવેલા છે. બંગાળના ઉપસાગરમાં દક્ષિણ પૂર્વે આવેલા અંદમાન અને નિકોબાર તથા અરબસાગરમાં કેરલના કિનારાથી પશ્ચિમે પરવાળાથી બનેલા લક્ષદ્વીપ ટાપુઓ છે. ભારતની છેક દક્ષિણે હિંદ મહાસાગર આવેલો છે.




**13.2 ભારતનો રેખાંકિત નકશો**

**પ્રવૃત્તિ**

● ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતોની નકશાપૂર્તિ કરો :

1. ભારતીય મહામરુસ્થલ 2. ગંગાનું મેદાન 3. હિમાલય 5. પૂર્વ ઘાટ 6. પશ્ચિમ ઘાટ 7. પૂર્વ કિનારાનું મેદાન 8. પશ્ચિમ કિનારાનું મેદાન 9. અંદમાન-નિકોબાર ટાપુઓ 10. લક્ષદ્વીપ 11. અરબ સાગર 12. બંગાળનો ઉપસાગર 13. હિંદ મહાસાગર

## ભારતની આબોહવા

વાતાવરણમાં થતા રોજિંદા ફેરફારને હવામાન કહે છે અને કોઈ પણ સ્થળમાં હવામાનનાં તત્ત્વોની આશરે 30 વર્ષની સરેરાશ પરિસ્થિતિને આબોહવા કહે છે. તમે અનુભવ્યું હશે કે, ક્યારેક ગરમીનું પ્રમાણ વધે તો ક્યારેક ઠંડીનું તો વળી ક્યારેક આકાશ વાદળછાયું બની જાય છે અને સૂર્ય વાદળો પાછળ ઢંકાઈ જાય, પવન વગેરેની વિગતો તમે રેડિયો કે ટીવી દ્વારા જાણી હશે. ભારતમાં નીચે મુજબની ઋતુઓ અનુભવાય છે :

| ક્રમ | ઋતુ | માસ |
|---|---|---|
| 1. | શિયાળો | ડિસેમ્બરથી ફેબ્રુઆરી (ઠંડી ઋતુ) |
| 2. | ઉનાળો | માર્ચથી મે (ગરમ ઋતુ) |
| 3. | ચોમાસું | જૂનથી સપ્ટેમ્બર (વર્ષા ઋતુ) |
| 4. | પાછા ફરતા મોસમી પવનોની ઋતુ | ઑક્ટોબરથી નવેમ્બર (શરદ ઋતુ - નિવર્તન ઋતુ) |

**શિયાળો (Winter) :** શિયાળો ઠંડીની ઋતુ છે. આ દિવસોમાં સૂર્યનાં કિરણો ત્રાંસાં પડતાં હોવાથી અને ક્યારેક હિમવર્ષા થવાથી ઉત્તરના મેદાનમાં અને હિમાલયના પર્વતીય પ્રદેશોમાં તાપમાન નીચું જાય છે. ગુજરાતના ઉત્તર ભાગમાં આવેલ વિસ્તારોમાં રાજ્યના બીજા વિસ્તારો કરતાં વધુ ઠંડી અનુભવાય છે. આ ઋતુમાં દિવસો ટૂંકા હોય છે.

**ઉનાળો (Summer) :** ઉનાળો અકળાવનારી ગરમીની ઋતુ છે. આ દિવસોમાં સૂર્યનાં કિરણો લગભગ સીધાં પડતાં હોવાથી તાપમાન ઊંચું જાય છે. જોકે સમુદ્રકિનારાના પ્રદેશોમાં ગરમીનું પ્રમાણ દેશના ખંડીય ભાગો કરતાં ઓછું રહે છે. બપોરે ગરમ સૂકા પવનો ફૂંકાય છે, જેને 'લૂ' કહે છે. આ ઋતુ દરમિયાન ગુજરાતના ઉત્તર ભાગ અને રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં વધુ ગરમી અનુભવાય છે. આ ઋતુમાં દિવસો શિયાળાની તુલનામાં લાંબા હોય છે.

**ચોમાસું (Monsoon) :** ચોમાસું વરસાદની ઋતુ છે. દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય) દિશામાંથી વાતા પવનો સમુદ્ર પરથી ફૂંકાતા હોવાથી તે ભેજવાળા હોય છે. આ પવનો વરસાદ લાવે છે. આ પવનોનો એક ફાંટો અરબસાગર પરથી આગળ વધી કેરલ, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય ભારત સુધી પહોંચે છે. જ્યારે બીજો ફાંટો બંગાળના ઉપસાગર, અંદમાન દ્વીપસમૂહો, પૂર્વ ભારત થઈ ગંગાના મેદાનોમાં આગળ વધે છે. આ બંને ફાંટા આગળ જતાં એકબીજાને મળી પશ્ચિમ ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબ અને પૂર્વ રાજસ્થાન સુધી પહોંચી વરસાદ આપે છે. વરસાદના આગમનથી ખેડૂતવર્ગ ખેતીકામમાં પ્રવૃત્ત થઈ જાય છે. આ પવનોના માર્ગમાં પર્વતો આવે ત્યારે ત્યાં વધુ વરસાદ આપે છે.

ગુજરાતમાં વરસાદની શરૂઆત જૂન મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહથી શરૂ થઈ જુલાઈના પહેલા સપ્તાહ સુધીમાં તો આખા ગુજરાતમાં વર્ષાઋતુનું આગમન થઈ જાય છે. ગુજરાતમાં આ પવનોના માર્ગમાં મોટા પર્વતો ન હોવાથી વરસાદનું પ્રમાણ ઓછું હોય છે. ભારતમાં મોટા ભાગની ખેતી વરસાદ આધારિત હોવાથી સારા ચોમાસાનો અર્થ ખેતીમાં મબલખ પાક એવો કરાય છે. આ ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે.

**પ્રવૃત્તિ**

- નીચે આપેલા કોષ્ટકમાં તે ઋતુ અને તહેવારોની ખાલી જગ્યામાંથી યોગ્ય વિકલ્પોમાંથી શોધી લખો :

(ઉત્તરાયણ, દશેરા, ધૂળેટી, જન્માષ્ટમી, નાતાલ, શરદપૂનમ, ચેટીચંદ, રક્ષાબંધન)

| ક્રમ | ઋતુ | તહેવાર |
|---|---|---|
| 1. | શિયાળો | |
| 2. | ઉનાળો | |
| 3. | ચોમાસું | |
| 4. | પાછા ફરતા મોસમી પવનોની ઋતુ | |

**પાછા ફરતા મોસમી પવનોની ઋતુ :** આ ઋતુમાં પવનો જમીન પરથી સમુદ્ર તરફ વાય છે. આ પરિસ્થિતિ ચોમાસાથી તદ્દન વિપરીત જોવા મળે છે. ઉત્તર-પૂર્વ (ઈશાન) દિશામાંથી જમીન પરથી વાતા હોવાથી સૂકા હોય છે. તેથી વરસાદ આપતા નથી. આ દિવસોમાં આકાશ વાદળો વિનાનું સ્વચ્છ જોવા મળે છે. તાપમાન ઠીક-ઠીક પ્રમાણમાં વધે છે અને તેની લોકોના આરોગ્ય પર વિપરીત અસર પડે છે. ઑક્ટોબર પૂરો થતાં તાપમાન ઘટવા માંડે છે અને નવેમ્બરથી વહેલી સવારે ઠંડી અનુભવાય છે.

આ પવનો બંગાળના ઉપસાગર પરથી પસાર થતાં ભેજવાળા બને છે અને ભારતના પૂર્વ કિનારે આવેલ તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં તે આ દિવસોમાં વરસાદ આપે છે.

ભારતની આબોહવામાં સ્પષ્ટ ઋતુભેદ અનુભવાય છે. તેની ખાસિયતને કારણે સામાન્ય રીતે મોસમી આબોહવા કહેવાય છે.

**વિચારીને કહો**

- જો બારેમાસ એકસરખી ઋતુ હોય તો આપણા જીવન પર કેવી અસરો પડે તે નીચેની મુદ્દા ધ્યાન રાખી કહો :
  - ખોરાક
  - પોશાક
  - ખેતી

## વનસ્પતિ : જંગલોના પ્રકાર (Vegetation : Types of Forest)


આપની ચોતરફ વિવિધ પ્રકારના ઝાડ-છોડવા અને ઘાસ જોવા મળે છે. કેટલીક વનસ્પતિ સુંદર મઝાનાં ફૂલોવાળી તો કેટલીક કાંટાળી હોય છે. અમુક વૃક્ષો ઘેઘૂર-ઘટાદાર તો અમુક નીચાં અને પાંખાં હોય છે. વનસ્પતિ એક પ્રદેશ કરતાં બીજા પ્રદેશમાં અલગ-અલગ હોય છે. આ વિવિધતાનું કારણ આબોહવામાં રહેલી વિભિન્નતા છે. આ આબોહવાને આધારે જ વનસ્પતિના પ્રકાર પાડવામાં આવે છે. વરસાદનું પ્રમાણ વનસ્પતિની આ વિવિધતા સર્જન માટેનો મુખ્ય આધાર છે. જંગલોના પ્રકારો આ મુજબ છે :

**ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (Tropical Rainy Forest) :** જ્યાં વરસાદનું પ્રમાણ વધારે હોય છે ત્યાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો આવેલાં હોય છે. આ જંગલોનાં વૃક્ષો ઘેઘૂર અને ઘટાદાર હોવાથી સૂર્યનાં કિરણો જમીન સુધી પહોંચી શકતાં નથી. અનેક જાતનાં વૃક્ષો, વેલાઓ અને છોડવા (Ferns) ત્યાં જોવા મળે છે. વળી, બધી જાતનાં

વૃક્ષોમાં એકસાથે પાનખર આવતી નથી પણ વર્ષભર અલગ સમયે આવતી હોવાથી તે હંમેશાં લીલાંછમ દેખાય છે. આ પ્રકારનાં જંગલો પશ્ચિમ ઘાટના કિનારાના તરફના ઢોળાવોમાં પટ્ટીરૂપે અને અંદમાન-નિકોબાર ટાપુઓમાં તથા ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં આવેલાં છે. મહોગની, રોઝવુડ, નેતર વગેરે વૃક્ષો અહીં જોવા મળે છે.

**ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો (Tropical Decidious Forest) :** આ પ્રકારનાં જંગલો ભારતમાં ઘણા મોટા ભાગ પર આવેલાં છે. આ જંગલો ઓછાં ઘટાદાર હોય છે. તેમાં પાનખર ઋતુ દરમિયાન વૃક્ષો પાંદડાં ખેરવે છે. આથી તેને ખરાઉ મોસમી જંગલો એવા નામે પણ ઓળખવામાં આવે છે. સાગ, સાલ, વાંસ, મહુડો, લીમડો વગેરે વૃક્ષો આ પ્રકારનાં જંગલોમાં જોવા મળે છે.

**સૂકાં ઝાંખરાંવાળાં જંગલો (Dry and Scrub Forest) :** આ પ્રકારનાં જંગલો ઓછા વરસાદના પ્રદેશોમાં જોવા મળે છે. અહીં થતાં વૃક્ષો કાંટાળા હોય છે. થોર, ખેર, ખીજડો, બાવળ, બોરડી વગેરે મુખ્ય છે. રાજસ્થાન, હરિયાણા, પશ્ચિમ ઘાટના પૂર્વીય ઢાળ પર અને ગુજરાતમાં જોવા મળે છે.



13.3 ભારત કુદરતી વનસ્પતિ

**પર્વતીય જંગલો (Montane Forest) :** આ પ્રકારનાં જંગલો તેના નામ પ્રમાણે પર્વતીય વિસ્તારમાં જોવા મળે છે. પર્વતોમાં જુદી જુદી ઊંચાઈએ વિવિધ પ્રકારની અને આકાર વૈવિધ્ય ધરાવતી વનસ્પતિ ઊગે છે. સમુદ્રસપાટીથી 1500 મી થી 2500 મી સુધી ઉગતી વનસ્પતિ શંકુ આકારની અને સોયાકાર પાંદડાં ધરાવતી હોય છે. તેના આકાર પરથી આ વનસ્પતિ શંકુદ્રુમ વનસ્પતિ તરીકે ઓળખાય છે. ચીડ, દેવદાર, પાઈન વગેરે આ પ્રકારની વનસ્પતિ ગણાય છે.

**મેન્ગ્રુવ જંગલો (Mangrove Forest) :** આ પ્રકારનાં જંગલો સમુદ્રની ભરતીના ખારા પાણીમાં વિકસે છે. આ પ્રકારનાં જંગલો પશ્ચિમ બંગાળ, ગુજરાત અને અંદમાન-નિકોબારના ટાપુઓના સમુદ્રકિનારે આવેલાં છે. ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં આવેલ સુંદરવન આ પ્રકારનું જંગલ છે, ત્યાં થતાં સુંદરી નામનાં વૃક્ષો પરથી એ નામ પડ્યું છે. ગુજરાતના સમુદ્રકિનારે આ પ્રકારનાં જંગલોમાં ચેરનાં વૃક્ષો જોવા મળે છે. જેનો ઉપયોગ સ્થાનિક લોકો બળતણ તરીકે કરે છે.

**પ્રવૃત્તિ**

- પાઠની વિગતોને આધારે નીચેના કોષ્ટકમાં માગ્યા મુજબની વિગતો ભરો :

જંગલના પ્રકાર સામે તે જંગલોમાં જોવા મળતાં વૃક્ષોની યાદી બનાવો :

(1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો ________ ________ ________

(2) ઉષ્ણ કટિબંધીય પાનખરનાં જંગલો ________ ________ ________

(3) સૂકાં ઝાંખરાં વાળાં જંગલો ________ ________ ________

(4) પર્વતીય જંગલો ________ ________ ________

(5) મેન્ગ્રુવ જંગલો ________ ________

**જંગલોનું મહત્ત્વ :** જંગલો આપણી ઘણી જરૂરિયાતો પૂરી પાડે છે. તેનાથી થનારા મુખ્ય ફાયદા કોષ્ટકની મદદથી જાણીએ.

| જંગલોના ફાયદા | |
|---|---|
| **પર્યાવરણીય ફાયદા** | **આર્થિક ફાયદા** |
| • વાતાવરણ શુદ્ધ રાખે<br>• વરસાદ લાવે<br>• ધોવાણ અટકાવે<br>• વન્યજીવોને કુદરતી આવાસ<br>• ભૂમિગત જળ-સંરક્ષણ | • બળતણ અને ઈમારતી લાકડું<br>• ઔષધિઓ<br>• ઉદ્યોગો માટે કાચો માલ<br>• ઘાસચારો<br>• લાખ-રાળ-ગુંદર જેવી જંગલ-પેદાશો |

**પ્રવૃત્તિ**

- તમારી આજુબાજુ ઊગતાં વૃક્ષોનાં ઔષધીય ઉપયોગ વિશે શિક્ષકની કે વડીલોની મદદથી જાણો
- શાળાની કઈ ચીજો જંગલમાંથી મળતા કાચા માલમાંથી બનેલી છે. તેની યાદી મિત્રોની સાથે ચર્ચા કરીને બનાવો.
- ‘જંગલવિનાશ નહિ રોકાય તો આવનાર પરિસ્થિતિ અને તેની અસરો વિશે’ વક્તૃત્વ-સ્પર્ધાનું આયોજન અનુકૂળતાએ ગોઠવો.

આપણા દેશનાં જંગલોમાં વિવિધ જાતના વન્ય જીવો વસે છે. જેમાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ, પક્ષીઓ, જળચરો ઉભયજીવીઓ, કીટકો, સરિસૃપો, કીડાઓનો સમાવેશ થાય છે. વાઘ આપણા દેશના વિવિધ ભાગોમાં જોવા મળે છે. અને તે આપણું રાષ્ટ્રીય પ્રાણી છે. જંગલી બકરીઓ હિમાલય અને નીલગિરિના પર્વતોમાં, હાથી અને એકશિંગી ભારતીય ગેંડા અસમનાં જંગલોમાં મુક્ત રીતે વિહરતા જોઈ શકાય છે. કેરલ અને કર્ણાટક રાજ્યનાં જંગલો હાથીઓ માટે જાણીતાં છે. કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રોમાં ઘુડખર જોવા મળે છે. એશિયાઈ સિંહો સમગ્ર વિશ્વમાં માત્ર ગુજરાતમાં ગીરનાં જંગલોમાં જોવા મળે છે.

**જાણવું ગમશે**



**સિંહ**

સિંહ ભારતમાં માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે અને તે ગુજરાતનું રાજ્ય-પ્રાણી છે. સંરક્ષણના પ્રયાસોથી તેની સંખ્યામાં વધારો થયો છે. વનવિભાગ દ્વારા પ્રવાસીઓ માટે સિંહદર્શનના કાર્યક્રમનું આયોજન કરાય છે.

ભારતમાં પક્ષીની અનેક પ્રજાતિઓ જેવી કે સારસ, બતક, કોયલ, પોપટ, ઘોરાડ, ચીબરી, કાબર, સમડી, ગીધ, ગરુડ, ઘુવડ વગેરે વસે છે. મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે. આ ઉપરાંત ભારતમાં ગુજરાત, ઑડિશા વગેરે રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રના કાચબાઓ ઇંડાં મૂકવા આવે છે. આપણે ત્યાં સાપની ઘણી પ્રજાતિઓ જોવા મળે છે તે પૈકીની મોટા ભાગની પ્રજાતિઓ બિનઝેરી છે.



**13.4 ભારતના વન્યજીવો**

આપણા દેશનાં જળાશયો અને જળપ્લાવિત વિસ્તારોમાં દૂર-દૂર આવેલા ઠંડા પ્રદેશોમાંથી પક્ષીઓ શિયાળામાં બચ્ચાં ઉછેરવા આવે છે. ગુજરાતનું નળસરોવર, ખીજડિયા, થોળ, છારીઢંઢ (કચ્છ) વગેરે જગ્યાએ શિયાળા દરમિયાન હજારો વિદેશી પક્ષીઓ આવે છે અને શિયાળો પૂરો થતાં તે પોતાના વતનમાં પરત જાય છે. આવાં પક્ષીઓ પ્રવાસી કે યાયાવર પક્ષીઓ નામે ઓળખાય છે.

**જાણવા જેવું**



**સુરખાબ (Flamingo)**

સુરખાબ નળ સરોવર, કચ્છના રણમાં તથા કાદવિયા કે પાણીવાળાં ક્ષેત્રોમાં જોવા મળે છે. તે લાંબા પગ અને સફેદ-ગુલાબી ઝાંયવાળું શરીર ધરાવે છે. ભારતમાં માત્ર કચ્છમાં જ તે માળા કરે છે. જમીન પર કીચડવાળી ક્ષારીય માટીમાં નાનો ગોળ ટીંબો બનાવી તેના મથાળે ખાડો કરી તેમાં ઈંડું મૂકે છે.

## અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રો (Sanctuary, National Parks, Bio Reserve Zone)

વન્ય જીવોના સંરક્ષણના હેતુથી કેટલાક વિસ્તારોને ખાસ કાયદાકીય જોગવાઈથી નીચે મુજબનાં વિસ્તારો કે ક્ષેત્રો જાહેર કરવામાં આવે છે, જેની મુખ્ય વિગતોની માહિતી મેળવીએ.

| | અભયારણ્ય | રાષ્ટ્રીય ઉદ્યાન | જૈવ આરક્ષિત ક્ષેત્ર |
|---|---|---|---|
| **રચના** | રાજ્ય સરકાર દ્વારા | રાજ્ય અને કેન્દ્ર સરકારના સંકલનથી | આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ |
| **અન્ય વિગતો** | પાલતુ પશુઓને મંજૂરી બાદ ચરાવવાની છૂટ | પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ | તમામ બહારની માનવીય પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધિત |
| **ઉદાહરણ** | ● બાલારામ અભયારણ્ય<br>● નળ સરોવર પક્ષી-અભયારણ્ય | ● ગીર રાષ્ટ્રીય ઉદ્યાન<br>● વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન | ● કચ્છ રણનું આંશિક ક્ષેત્ર<br>● નીલગિરિનું ક્ષેત્ર (દક્ષિણ ભારત) |

જંગલો અને વન્ય જીવોની સુરક્ષા આપણા સહુની જવાબદારી છે. તેના સરકાર દ્વારા ઘડવામાં આવતા કાયદા અને મૂકવામાં આવતા પ્રતિબંધોનો અમલ કરવા આપણે સહુએ કટિબદ્ધ થવું પડશે.

**પ્રવૃત્તિ**

- શાળામાં વનવિભાગના અધિકારીને વક્તવ્ય માટે બોલાવી તમારા વિસ્તારની વનસ્પતિ અને વન્ય જીવોની માહિતી જાણો

## સ્વાધ્યાય

**1. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) એકશિંગી ભારતીય ગેંડા | (a) ઑડિશાનો સમુદ્રકિનારો |
| (2) સમુદ્રના કાચબા | (b) જળપ્લાવિત ક્ષેત્ર |
| (3) યાયાવર પક્ષીઓ | (c) અસમ |
| | (d) કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રો |

**2. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) સિંહ ગીર ઉપરાંત નળ સરોવરમાં જોવા મળે છે.

(2) પૂર્વ કિનારાની તુલનામાં પશ્ચિમ કિનારાનું મેદાન સાંકડું છે.

(3) કાવેરી નદીએ સુંદરવન નામનો મુખત્રિકોણ પ્રદેશ બનાવ્યો છે.

**3. એક-બે વાક્યમાં ઉત્તર આપો :**

(1) હિમાલયની દક્ષિણે આવેલ મેદાન કઈ-કઈ નદીઓએ બનાવ્યું છે?

(2) ગુજરાતમાં યાયાવર પક્ષીઓ ક્યાં-ક્યાં આવે છે ?

**3. ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો :**

(1) મેન્ગ્રુવ જંગલ વિશે માહિતી આપો.

(2) પર્વતીય જંગલ વિશે માહિતી આપો.

**4. શબ્દ-સમજૂતી આપો :**

(1) યાયાવર પક્ષીઓ

(2) પાનખર ઋતુ

**5. ટૂંક નોંધ :**

(1) જંગલોના પ્રકાર

(2) ભારતની આબોહવા અને ઋતુઓ

- **વધુ વિગતો જાણવા નીચેની વેબસાઈટની મુલાકાત લો :**

  www.wti.org.in/

  www.oocities.org/

  www.downtoearth.org.in/

  www.nationalgeographic.org/